# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-08-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- રાજયમાં હર ઘર તિરંગા અભિયાનનો આરંભ કરાવતા કેન્દ્રીય મંત્રી જે.પી.નડ્ડાએ યુવાનોને વિકસિત ભારતમાં શ્રેષ્ઠ યોગદાન આપવા હાકલ કરી.
- મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સાસણ ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી- વન્યપ્રાણીઓના સંરક્ષણ માટે મુખ્યમંત્રીની નાગરિકોને અપીલ
- રાજ્યના અગિયાર જીલ્લાઓમાં સિંહ દિવસ ઉજવાયો
- કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે આજે પાલનપુરમાં એરી રેશમ ઉત્પાદન સંવર્ધન પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો
- અમદાવાદ ક્રાઇમ બ્રાંચે નશીલા પદાર્થો સાથે 3 આરોપીઓની ધરપકડ કરી.
- ઉપરવાસમાં ભારે વરસાદના પગલે સરદાર સરોવર ડેમ 81 ટકા કરતાં વધુ ભરાયો... નીચાણવાળા વિસ્તારના ગામોને એલર્ટ કરાયાં

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## JP NADDA TIRANGA YATRA

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટના રેસકોર્સ ખાતેથી આજે રાજ્યવ્યાપી “હરઘર તિરંગા” અભિયાનનો પ્રારંભ કરાવ્યો . આ અભિયાનમાં હજારો નાગરિક જોડાયા હતા.

આ પ્રસંગે શ્રી નડ્ડાએ યુવાનોને વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના પ્રધાનમંત્રીના સંકલ્પને પૂર્ણ કરવા શ્રેષ્ઠ યોગદાન આપવા હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, આ સંકલ્પ પૂર્ણ થાય એ જ તિરંગા યાત્રાની સફળતા ગણાશે. મંત્રીશ્રીએ આગામી ત્રણ વર્ષમાં ભારતને ત્રીજા ક્રમનું અર્થતંત્ર બનાવવા માટે પણ યુવાનોને પ્રેરિત કર્યા હતા.

(બાઇટ- જે.પી.નડ્ડા)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, પ્રધાનમંત્રીએ શરૂ કરેલા "મેરી માટી મેરા દેશ", "આઝાદી કા અમૃત મહોત્સવ", "તિરંગા યાત્રા" અભિયાનને નાગરિકોમાં નેશન ફર્સ્ટની ભાવનાને પ્રબળ કરવામાં સફળતા મેળવી છે.

જનસભા બાદ મહાનુભાવોએ તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. તમામ મહાનુભાવો હાથમાં તિરંગો લઈને રેસકોર્સથી જયુબિલી ગાર્ડન સુધી જોડાયા હતા. જ્યાં મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

------------------

## POLICE TEBLO

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત આજે રાજકોટથી શરૂ થયેલી તિરંગા યાત્રામાં ગુજરાત પોલીસ દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલો ટેબ્લો આકર્ષણનું કેન્દ્ર બન્યો છે

ડ્રગ્સ સામેનું અભિયાન: 'નશીલા પદાર્થોનું સેવન કે વેચાણ ગંભીર ગુનો છે', 'Say no to Drugs' અવેરનેસ સ્લોગન સાથે ટેબ્લો મારફતે જનજાગૃતિ ફેલાવવામાં આવી છે. દરિયાઈ માર્ગે ડ્રગ્સની હેરાફેરી કરતી બોટનું મોડેલ દર્શાવીને ગુજરાત પોલીસ દ્વારા ડ્રગ્સ સામે ચલાવવામાં આવતી કડક કાર્યવાહીને રજૂ કરવામાં આવી છે. આ ટેબ્લો  ત્રણ મહાનગરો સુરત, વડોદરા અને અમદાવાદ ખાતે યોજાનાર તિરંગા યાત્રામાં પણ જોડાશે.

-----------------

## HARSHA SANGHVI –TIRANGA YATRA

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત, સુરતમાં આવતીકાલે તિરંગા યાત્રા યોજાશે. આ અંગે માહિતી આપતાં, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે ભાજપ દ્વારા 5 લાખ તિરંગા તૈયાર કરવામાં આવ્યા છે..પ્રત્યેક બુથમાં દોઢસો તિરંગા પહોંચાડવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે પહેલી વાર આપણાં શહેરનાં સીઆરપીએફ સહિત પોલીસ બેન્ડના જવાનો આ બે કિમી યાત્રામાં જોડાશે અને 20 બેન્ડ પણ ભાગ લેશે.

-------------

# HAR GHAR TIRANGA –DISTRICT

રાજ્યભરમાં આજથી “હરઘર તિરંગા” અભિયાનની ઉજવણીનો પ્રારંભ થયો છે. હરઘર તિરંગા” કાર્યક્રમ દરમિયાન નાગરિકોને રાષ્ટ્ર ભક્તિના કાર્યમાં સહભાગી થવા અને દેશ પ્રત્યેના પ્રેમને વ્યક્ત કરવાના હેતુથી દરેક વ્યક્તિ પોતાના ઘર, સંસ્થાઓ, વ્યાવસાયિક પ્રતિષ્ઠાનો, કચેરીઓ પર તિરંગો લહેરાવે તેવી અપીલ કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લાનાં વિંછીયા ખાતે પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગના મંત્રી કુંવરજી બાવળીયાના અધ્યક્ષ સ્થાને “તિરંગા યાત્રા” યોજાઈ હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં જુદી જુદી શાળાઓમાં વેશભૂષા, ચિત્ર અને રંગોળી જેવી અનેકવિધ સ્પર્ધા યોજાઈ રહી છે. અભિયાનનાં પ્રથમ દિવસે જિલ્લાની ૯૧૧ જેટલી શાળાના ૩૨હજાર ૮૧૨ જેટલા વિદ્યાર્થીઓ તેમજ બીજા દિવસે ૯૦૨ જેટલી શાળાના ૨૯હજાર ૭૦૫ જેટલા વિદ્યાર્થીઓ દેશભક્તિના રંગે રંગાયા હતા.

ડાંગ જિલ્લાનાં સુબીર ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલનાં અધ્યક્ષ સ્થાને “તિરંગા યાત્રા” યોજાઈ હતી. જેમાં વિવિધ શાળાઓના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

તાપી જિલ્લાના ઉકાઈ ખાતે પોલીસના જવાનોએ બાઈક રેલીના માધ્યમથી તિરંગા યાત્રાનો પ્રારંભ કર્યો હતો.

દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા બેટ દ્વારકા તેમજ અજાડ બંને ટાપુ વિસ્તાર પર રહેતા લોકોમાં દેશભક્તિની ભાવના જાગે તે હેતુથી સમુદ્ર વચ્ચે ટાપુ પર જઈ તિરંગા યાત્રા યોજવામાં આવી હતી.

-----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## CM - LION DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સાસણ-ગીર ખાતે 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સંબોધન કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે , પ્રાણી અને પ્રકૃતિ સાચવવાની આપણાં સૌની સંયુક્ત જવાબદારી છે. રાજ્યના ગૌરવ એવા વનકેસરી કુદરતી રીતે વિહરે, વિચરે અને વિકસે તે માટેના પ્રયત્નો જ સિંહ દિવસની સાચી ઉજવણી હોવાનું તેમણે કહ્યું હતું.

મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું કે ગીરમાં વસતા માલધારીઓ અને જંગલ તથા તેની આસપાસમાં વસતા લોકોએ પરસ્પરના સહઅસ્તિત્વથી વર્ષોથી ગરવા ગુજરાતનું ગૌરવ એવા સિંહનું જતન અને સંરક્ષણ કર્યું છે, જેના કારણે જ આજે પ્રતિવર્ષ સિંહોની વસતી વધી છે. આ પ્રસંગે સિંહ અંગે લખાયેલા પુસ્તકોનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

આજની ઉજવણી અંગે સાંભળીએ અમારા જૂનાગઢના પ્રતિનિધિ સંજીવ મહેતાનો એક અહેવાલ

(બાઇટ- સંજીવ મહેતા, જૂનાગઢ, પીટીસી)

-----------------------

## LION Day - DISTRICT

એશિયાઈ સિંહીનો વસવાટ ધરાવતા રાજ્યના સૌરાષ્ટ્રના 11 જિલ્લાઓ સહિત રાજયભરમાં આજે વિશ્વ સિંહ દિવસની ઉજવણી થઈ. તેમાં સિંહોના સંરક્ષણ અને જતન પ્રત્યેની જાગૃતિ કેળવવા માટે વિવિધ કાર્યક્રમો યોજાયા.

ગીર સોમનાથના વેરાવળ તાલુકાના છાત્રોડામાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં એક રેલી યોજવામાં આવી હતી. સોમનાથમાં સંસ્કૃત યુનિવર્સિટીમાં સિંહની વિશેષતા અને સંરક્ષણ વિશે વ્યાખ્યાન આપીને સિંહની મહત્તા અને તેની જાળવણી અંગેની સમજ આપવામાં આવી હતી.

સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલાના વિદ્યાર્થીઓએ સિંહના મ્હોરા પહેરીને સિંહોના રક્ષણ માટેના સંદેશો આપતી રેલી યોજી અને સિંહના સંરક્ષણ માટેની પ્રતિજ્ઞા લીધી હતી.

પોરબંદરના બરડા જંગલમાં જ્યાં 20 હેક્ટર જમીનમાં 5 સિંહ વસવાટ કરે છે ત્યાં પણ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી.

ભાવનગર શહેરમાં વન વિભાગ, વિવિધ સંગઠનોએ મહા રેલી યોજી સિંહના રક્ષણ અને પર્યાવરણના જતન અંગે લોકજાગૃતિના પ્રયાસો હાથ ધર્યા હતા.

એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેના સરદાર પટેલ ઝુઓલોજીકલ પાર્કમાં પણ સિંહ દિવસની ઉજવણી કરાઇ.

------------

## GIRIRAJSINH- BK. PALANPUR

**કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે આજે બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં એરી રેશમ ઉત્પાદન સંવર્ધન પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો.** આ પ્રોજેક્ટનો ઉદેશ્ય એરંડાના ખેડૂતો માટે ટકાઉ આજીવિકાને પ્રોત્સાહન આપવાનો અને રાજ્યમાં રેશમ ઉત્પાદનનો વિસ્તાર કરવાનો છે.

આ પ્રસંગે સંબોધન કરતાં, ગિરિરાજ સિંહે જણાવ્યું કે, આ પ્રોજેક્ટ રેશમ ઉદ્યોગમાં મોટી ક્રાંતિ લાવશે અને ભવિષ્યમાં આ પાલનપુર શહેર સિલ્ક સિટી તરીકે ઓળખાશે. શ્રી સિંહે કહ્યું કે, આ પ્રોજેક્ટની અસર પડોશી રાજ્ય રાજસ્થાન તેમજ યુપી અને બિહારમાં પણ જોવા મળશે.

આ પ્રસંગે એક સમજૂતી પત્રનું આદાન-પ્રદાન પણ કરવામાં આવ્યું હતું, જેમાં કેન્દ્રીય કાપડ મંત્રી શ્રી ગિરિરાજ સિંહ, કેન્દ્રીય કાપડ રાજ્યમંત્રી પબિત્રા માર્ગેરિટા અને ટેક્સટાઇલ મંત્રાલયના સચિવ રચના શાહ તેમજ ગુજરાત સરકારના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

--------

## DRUGS

રાજ્યમાં નશાકારક દ્રવ્યોને ઝડપવા માટે ગુજરાત પોલીસ દ્વારા સઘન અભિયાન હાથ ધરાયુ છે. જે અઁતર્ગત અમદાવાદ ક્રાઇમે બ્રાંચે નશાકારક પદાર્થ સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

ક્રાઇમ બ્રાંચને મળેલી બાતમીના આધારે અમદાવાદના જમાલપુરમાં રહેતા બે આરોપીઓ અને એક વટવા રહેતા આરોપીને ઝડપીને આરોપીઓ પાસેથી 143 ગ્રામ કરતાં વધુ નશાકારક દ્રવ્યને ઝડપી પાડ્યું હતું.. આ ઝડપાયેલા ડ્રગ્સની કિંમત 14 લાખ કરતાં વધુની થવા જાય છે..આ ત્રણે આરોપીઓની ક્રાઇમ બ્રાંચ સઘન પૂછપરછ કરીને વધુ વિગતો મેળવવાનો પ્રયાસ કરી રહી છે..

------------------

# NARMDA DAM

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના પગલે સરદાર સરોવર નર્મદા ડેમની પાણીની સપાટી છેલ્લાં 24 કલાકમાં 2.85 મીટર વધી ગઇ છે જે હવે 133.26 મીટર પર પહોંચી છે. ડેમની મહત્તમ સપાટી 138.68 મીટર છે.

ઉપરવાસમાંથી 3 લાખ 88 હજાર 683 ક્યુસેક પાણીની આવક થતાં નર્મદા ડેમ 80 ટકા કરતાં વધુ ભરાઇ ગયો છે. ડેમના રિવરબેડ પાવર હાઉસમાંથી 43 હજાર 897 ક્યુસેક પાણી જ્યારે કેનાલ હેડ પાવર હાઉસમાંથી 10 હજાર 20 ક્યુસેક પાણી નદીમાં છોડાઈ રહ્યું છે.

----------------------

# WEATHER

રાજ્યમાં આજે સવારના છ વાગ્યાથી લઇને સાંજના છ વાગ્યા સુધીમાં 116 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો.. ગાંધીનગર સ્થિતિ સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર  સૌથી વધુ તાપીના ડોલવણમાં 58 મીલીમીટર, બનાસકાંઠાના ભાંભરમાં 46 અને સુરતના ઓલપાડમાં 41 મીલીમીટર વરસાદ નોંધાયો હતો..જ્યારે

હવામાન વિભાગે આવતીકાલે રાજ્યના ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે... હવામાન વિભાગે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ તેમજ મહિસાગર, આણંદ, દાહોદ, વડોદરા અને છોટાઉદેપુરમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે આ જીલ્લાના લોકોને સાવચેત રહેવા જણાવ્યું છે..

જ્યારે વરસાદની સાથેસાથે 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા પણ હવામાન વિભાગે દર્શાવી છે..સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતા કેટલાંક જીલ્લોઓમાં ગાજવીજ સાથે મધ્યમથી હળવા વરસાદની સંભાવના પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે..

-----------------